જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૨/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૯૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૩૭ લીટર દેશી દારૂ, ૨૩૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૫૦ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૯૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૯૩/૧૭</u>**

**વટવા :** વિનુભાઈ જશુભાઈ પટેલ (ઉ.વ.૬૦)(રહે,ખોડીયારનગર શોપીંગ સેન્ટર, પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૨/૧૭ ના ૧૧/૦૦ થી તા.૧૧/૧૨/૧૭ ના કલાક ૦૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો કાપી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાના દાગીના કિંમત રૂપીયા ૭૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સદભાવના ચોકી નાઓ ચલાવે છે.

**<u>સોનાનું મંગળસુત્રખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૯૪/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ :** ધર્મીષ્ઠાબેન અરવીંદભાઇ જાની (ઉ.વ.૫૯)(રહે,શ્યામનગર સોસાયટી, વિશ્રામનગર પાસે, ગુરુકુળ રોડ, મેમનગર) તા.૧૧/૧૨/૧૭ સાંજના ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન સોલા, સાયન્સ સીટી રોડ ઉપર આવેલ શ્યામ વન બંગ્લોઝ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૨૫ વર્ષના આશરાના) ધર્મીષ્ઠાબેન નાં ગળામાંથી સોનનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ ધર્મીષ્ઠાબેન જાનીએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એસ.આર.મેધાણી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૯૫/૧૭**

**નવરંગપુરા :** નિકુંજભાઇ પ્રવિણભાઇ પારેખ (ઉ.વ.૨૯)(રહે,ન્યુ રાજહંસ સોસાયટી, બલોલનગર ચાર રસ્તા રાણીપ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૨/૧૭ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે ત્રણ અજાણ્યા ઇસમો (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) ભેગામળી પોતાની ક્રાઇમબ્રાન્ચ પોલીસ તરીકેની ઓળખ આપી, નિકુંજભાઇની એચ.પ્રવિણકુમાર આંગડીયા પેઢીના માણસોને નવરંગપુરા સીજી.રોડ ઇસ્કોન આર્કેડ આગળ તેમજ એન.કે.આંગડીયા પેઢીના માણસોને સુપર મોલ પાસેની ગલીમાં રોકી, બેગ ચેક કરવાના બહાને બેગ મેળવી લઇ, માણસોની નજર ચુકવી, નિકુંજભાઇની પેઢીના માણસોની બેગમાંથી સોનાના દાગીનાનું પાર્સલ તથા એમ.કે.આંગડીયા પેઢીના માણસોની બેગમાંથી રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ટી.ચૌધરી ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૯૬/૧૭**

**મણીનગર :** અર્જુનભાઈ લેખરાજ રામનાની (ઉ.વ.૭૭)(રહે,બીજો માળ, ગોપાલ કૃષ્ણ એપાર્ટમેંટ, વડનગર પાટીદાર સોસાયટી, રામબાગ, મણિનગર) એ તા.૦૯/૧૨/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મારુતિ ઝેન ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૦૧.એચ.જી.૬૭૪૭ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૧૦/૧૨/૧૭ નાં કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ અર્જુનભાઇ રામનાની એ તા૧૧/૧૨/૧૭ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.યુ.ચૌહાણ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૪૯૭/૧૭**

**ગોમતીપુર :** ભરતકુમાર મગનભાઈ વૈશ્ય (ઉ.વ.૩૩)(રહે,નરોતમભાઈ બાલાભાઇની ચાલી, પ્રેરણા સોસાયટી, રખીયાલ) તા.૧૦/૧૨/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સુતા પહેલા પોતે બીડી પીધેલી ત્યારબાદ સુઈ ગયેલા અને બીડી પથારીમા પડતા થોડીવાર બાદ આગ લાગતા, ભરતભાઇ શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૨/૧૭ ના કલાક ૨/૧૫ વાગે ભરતકુમાર **ને** ફરજ પરના ડોકટરશ્રી એ મૃત જાહેર કર્યા હતા આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રભાઈ ભીખાભાઈ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૪૯૮/૧૭**

**વાસણા :** ભગવાનભાઇ માનાભાઇ વાઘેલા (ઉ.વ.૪૪)(રહે,શક્તીનગરની બાજુમાં, કૃષ્ણનગર ગુપ્તાનગર વાસણા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૧૭ ના કલાક ૮/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરમાંથી પ્રાયમસ લઈ ઘરની બહારના ભાગે ઓસરીમાં બેસી પ્રાયમસ ઉંધો કરી, કેરોસીન પોતાના શરીર ઉપર છાંટી પોતાની જાતે દીવાસળી ચાંપી સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનૈયાલાલ શીવાભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટ :** નારણભાઇ રણછોડભાઇ પટણી (ઉ.વ.૫૫)(રહે,મારવાડીની ચાલી, હોળી ચકલા ચમનપુરા શાહીબાગ) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે દશામાના મંદિરની પાછળના ભાગે સાબરમતી નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવતભાઇ શંકરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.

**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૨/૧૨/૨૦૧૭ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૯૦/૧૭**

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

અમો જી.એચ.પઠાણ સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર શાહીબાગ પોલીસ સ્ટેશન નાએ મે. અધિક પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અમદાવાદ શહેર તથા મેં.નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, અ'વાદ શહેર તથા મેં. અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી, એફ ડીવીઝન, અ'વાદ શહેર તથા સિનિયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી એ. કે. પટેલ શાહીબાગ પોલીસ સ્ટેશન નાઓની રાહબરી હેઠળ શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૩૨/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૬૩ મુજબના ગુનાના ફરીયાદી ની દિકરી તા.૧૦/૧૨/૨૦૧૭ ના રાત કલાક સવા બારેક વાગ્યા થી સવાર કલાક સાડા ચારેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી લઈ ગયેલ હોવા બાબતે તા.૧૦/૧૨/૨૦૧૭ ના કલાક:૦૭/૪૦ વાગે ગુનો દાખલ કરી અપહ્યત ની શોધખોળ કરવા સારૂ આગળની તપાસ હાથ ધરેલ અને તપાસ દરમીયાન અપહ્યત મુંબઇ બોરીવલ્લી રેલ્વે સ્ટેશને હોવાની અને ત્યાંથી પરત મુંબઇ અમદાવાદ પેસેન્જર ટ્રેન મારફતે આવતી હોવાની હકીકત આધારે અમારા પર્સનલ સ્ટાફની ટીમને રવાના કરી અપહ્યતની વલસાડ રેલ્વે સ્ટેશને થી અમદાવાદ તરફ આવતી ટ્રેનમાં શોધખોળ કરતાં મળી આવતાં અત્રેના શાહીબાગ પોલીસ સ્ટેશને લાવી જરૂરી પુછપરછ કરી સદરીનો કબજો તેના માતા પિતાને સોંપવામાં આવેલ છે અને ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ છે.

**<u>ગોમતીપુર પોલીસ સ્ટેશન :</u>**

<u>શરીર સબંધી (મારા મારી) ના કેશોમાં સંડોવાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત</u>

<u>કરતી ગોમતીપુર પોલીસ</u>

ગોમતીપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૬/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), જીપી એક્ટ કલમ ૧૩૫(૧) તથા ફસ્ટ ગુ.ર.નં. ૧૪૧/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૪, ૨૯૪(ખ), જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામનો આરોપી નામે શુભમ @ ભોલુ રાધેશ્યામ અમરસિંગ વર્મા ઉવ. ૨૪ રહે મ.નં .૩૧, સારાભાઇ વકિલની ચાલી, શેઠ સી.એલ. હાઇસ્કુલની સામે વિક્રમ મિલની સામે રખિયાલ રોડ, ગોમતીપુર, અમદાવાદ શહેર નાની મારામારી ની અસામાજીક પ્રવૃત્તી સાથે સંકળાયેલ હોય તેની વિરૃધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતાં તેઓની કચેરી ક્રમાંક **પીસીબી/ડીટીએન/પાસા/૯૭૫/૨૦૧૭** તા. ૦૯/૧૨/૨૦૧૭ આધારે પાસા અટકાયતી તરીકે ખાસ જેલ પાલારા ભુજ ખાતે રહેવા હુકમ કરેલ જે હુકમ ની આજરોજ તા ૧૧/૧૨/૨૦૧૭ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાલારા ભુજ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે. તા.૧૧/૧૨/૨૦૧૭.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**